ગાંધીનગર સમાચાર

જર્મની ૨૪ વર્ષ બાદ ફરી ચેમ્પિયન

લેટિન અમેરિકામાં ફીફા વર્લ્ડ કપ જીતનાર પ્રથમ યુરોપિયન દેશ

રિયો ડી જેનેરિયો, તા૧૪

ફીફા વર્લ્ડ કપ ૨૦૧૪ જીતીને આખરે જર્મનીએ ઇતિહાસ સર્જવામાં સફળતા મેળવી હતી. રોમાંચક અને દિલધડક ફાઇનલ મેચમાં જર્મનીએ શક્તિશાળી હરિફ આર્જેન્ટિના પર ૧-૦થી જીત મેળવી હતી. આની સાથે જ જર્મની ચોથી વખત વિશ્વ વિજેતા બની ગયુ હતુ. આ જીતની સાથે જ જર્મની લેટિન અમેરિકી જમીન પર ફીફા ચેમ્પિયનસીપ જીતનાર પ્રથમ યુરોપિયન દેશ બની ગયું હતુ. જર્મની માટે એકમાત્ર ગોલ્ડન ગોલ મારિયો ગોએટેંજ દ્વારા ૧૧ ઉમી મિનિટમાં કરવામાં આવ્યો હતો. આની સાથે જ જર્મની ૨૪ વર્ષના લાંબા ગાળા બાદ ફરી વર્લ્ડ ચેમ્પિયન બની જવામાં સફળ રહ્યું હતુ. બીજી બાજુ ૧૧૯મી મિનિટમાં મેસ્સી પોતાની ફ્રી કિકને ગોલમાં ફેરવી નાંખવામાં નિષ્ફળ રહ્યો હતો. રેકોર્ડધારી વર્લ્ડ કપમાં હજુ સુધી સૌથી વધારે ગોલ કરનાર ક્લોઝની જગ્યાએ ગોએટેજને મેદાનમાં ૮૭મી મિનિટમાં ઉતારવામાં આવ્યો હતો. ગોએટજે આંન્દ્રે શુર્લે દ્વારા ડાબી ડાબુથી આપવામાં આવેલાક્રોસ પર પહેલા છાતીથી બોલને રોકયો હતો અને ત્યારબાદ શાનદાર વોલી મારફતે ગોલ કર્યો હતો. નિર્ધારિત ૯૦ મિનિટના ગાળામાં બન્ને ટીમો કોઇ ગોલ કરી શકી ન હતી. ૧૦૦ મિનિટ સુધી રમત કોઇ પણ ગોલ વગર ચાલી હતી. જર્મનીએ હજુ સુધી ત્રણ વખત વર્લ્ડ કપ વિજેતા બનવામાં સફળાતા મેળવી હતી. જર્મનીને એક કરી દીધા બાદ પ્રથમ વખત ચેમ્પિયનશીપ જીતી છે. આની સાથે જ આર્જેન્ટિનાનુ ત્રીજી વખત વર્લ્ડ કપ જીતવાનુ સ્વપ્ન રોળાઇ ગયું હતુ. આર્જેન્ટિનાએ ખુબ સારી રમત રમી હતી. પરંતુ ગોલ કરવામાં સફળતા મળી ન હતી. ક્લોઝ આજે પ્રમાણમાં ઓચી ઝડપમાં દેખાયો હતો. આ મેચને જોવા માટે મેદાનમાં જર્મનીના ચાન્સલર સહિત ૭૯ હાજર લોકો હાજર હતા. જ્યારે દુનિયામાં એક અબજ લોકોએ આ મેચ ટીવી પર નિહાળી હતી. રસપ્રદ બાબત આ વખતે એ હતી કે બ્રાઝિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઇન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે.જુન ૨૦૧૧માં ક્વાલિફિકેશન સ્પર્ધા શરૂ થઇ હતી. જેમાં ૩૨ દેશોની રાષ્ટ્રીય ટીમો જોડાઇ હતી. ફીફા વર્લ્ડ કપમાં કેટલાક મોટા ફેરફાર શરૂઆતથી થયા હતા. વર્તમાન ચેમ્પિયન સ્પેન પ્રથમ રાઉન્ડમાં બહાર થઇ ગયું હતુ. તેની પ્રથમ મેચમાં નેધરલેન્ડ સામે અને બીજી મેચમાં ચિલી સામે કારમી હાર થઇ હતી. એકપછી એક શક્તિશાળી ટીમો બહાર થયા બાદ અંતે હવે જર્મની અને આર્જેન્ટિના ફાઇનલમાં પહોંચ્યા હતા હવે આગામી વર્લ્ડ કપ રશિયામાં યોજાશે. જે વર્ષ ૨૦૧૮માં યોજાશે.સમગ્ર મેચો ખુબ રોચક રહી હતી.

હાર છતાં મેસ્સી ટૂર્નામેન્ટનો સર્વશ્રેષ્ઠ ખેલાડી જાહેર થયો

રિયો ડિ જેનેરિયો,તા. ૧૪

ફિફા વર્લ્ડકપની ફાઈનલમાં જર્મની સામે આર્જેન્ટિનાની હાર થઈ હોવા છતાં સ્ટાર સ્ટ્રાઈકર લિયોનેલ મેસ્સીને ટૂર્નામેન્ટ માટેનો સર્વશ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યો હતો જેના માટે મેસ્સીની ગોલ્ડન બોલ એવોર્ડમાં પસંદગી

કરવામાં આવી હતી. ડિએગો મેરાડોના બાદ આ એવોર્ડ મેળવનાર તે બીજો આર્જેન્ટેનિયન ખેલાડી બની ગયો છે. મેરાડોનાએ ૧૯૮૬માં આ એવોર્ડ જીત્યો હતો. તે વખતે જર્મનીને હરાવીને આર્જેન્ટિનાએ વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી હતી. ટૂર્નામેન્ટમાં ચાર વખત મેન ઓફ ધ મેચ રહેલા મેસ્સી આ દોડમાં જર્મનીના થોમસ મુલર અને નેધરલેન્ડના રોબેનને પાછળ છોડી દીધો હતો. મેસ્સીએ આ સ્પર્ધામાં ચાર ગોલ કર્યા હતા. જ્યારે કોલંબીયાના સ્ટ્રાઈકર રોડ્રીક્સે છ ગોલ કર્યા હતા. તેની ગોલ્ડન બુટ માટે પસંદગી કરાઈ હતી. મુલરે પાંચ ગોલ ફટકાર્યા હતા. જર્મનીના ગોલ કીપર નેયુરની શ્રેષ્ઠ ગોલકીપર તરીકે પસંદ કરાઈ હતી જેથી તેને ગોલ્ડન ગ્લોવ એવોર્ડ અપાયો હતો. અન્ય એવોર્ડ પણ કાર્યક્રમ બાદ જાહેર કરાયા હતા.

કોને કયો એવોર્ડ.....

નામ	એવોર્ડ
લિયોનેલ મેસ્સી	ગોલ્ડન બોલ
જેમ્સ રોડ્રિગ્સ	ગોલ્ડન બૂટ
મેન્યુએલ નેયુર	ગોલ્ડન ગ્લોવ
પાલ પોગ્બા	શ્રેષ્ય યુવા ખેલાડી

આરઆઈએલ પર ૫૭૮ મિલિયન ડોલરનો દંડ થયો

સરકારે તેના પૂર્વીય ઓફસોર કેજી-ડીફ ક્લોકમાંથી ટાર્ગેટ કરતા ઓછા પ્રમાણમાં કુદરતી ગેસના ઉત્પાદન બદલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રી ઉપર ૫૭૮ મિલિયન ડોલરનો વધારાનો દંડ લાદ્યો હતો. સરકારી સૂત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે, ફિલ્ડ ઉપર કરવામાં આવેલા ખર્ચને મંજુરી નહીં આપવાના સ્વરુપમાં આ દંડ રહેશે. ટાર્ગેટને પહોંચી વળવામાં સફળતા મળી નથી. આની સાથે જ કુલ ખર્ચ ૨.૩૭૫ અબજ ડોલર સુધી પહંચી ગયો છે. સરકારે આરઆઈએલને અગાઉ નોટિસ ફટકારી હતી. પેટ્રોલિમય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું પણ ધ્યાન દોરવામાં આવી ચુક્યું છે. સૂત્રોનું કહેવું છે કે, પેનલ્ટી લાગૂ કરવામાં આવ્યા બાદ આરઆઈએલ તરફથી કોઈપણ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

બજેટ ઈમ્પેક્ટ : ૧ કરોડ નોકરીની તકો સર્જાઈ શકે

મુંબઈ, તા. ૧૪

નરેન્દ્ર મોદી સરકારે પ્રથમ બજેટમાં માળખાકીય વિકાસ ઉપર ભાર મુક્યા બાદ આના કારણે નવી નોકરીઓની વ્યાપક તકો સર્જાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, ૫૦ લાખથી એક કરોડ જેટલી નવી નોકરીઓની તકો આગામી ત્રણથી ચાર વર્ષમાં સર્જાઈ શકે છે. સરકારે બજેટમાં અનેક ક્ષેત્રોમાં વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણને મંજુરી આપી દીધી છે. જેના કારણે નવી નોકરીની તકો ઉભી થશે. એફ ડીઆઈથી વીમા, ડિફેન્સ, ઈન્ફ્રા, મેન્યુફેક્ચરીંગ અને કૃષિ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં નોકરીની નવી તકો ઉભી થશે. રિક્રુટમેન્ટ ઈન્ડસ્ટ્રીનું કહેવું છે કે, મોટાભાગની ભરતી ફ્રેશર માટે કરવામાં આવશે. એટલે કે નીચલા સ્તર ઉપર ભરતી કરવામાં આવશે. મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં એફ ડીઆઈથી સૌથી વધારે નોકરીઓની તકો ઉભી થશે. રિક્રૂટમેન્ટ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાંતોનું કહેવું છે કે, મોટી સરકારની બજેટની મદદથી આગામી ત્રણ-ચાર વર્ષમાં ૫૦ લાખથી એક કરોડ નોકરીઓની તકો ઉભી થશે. તેમનું કહેવું છે કે, વીમા સેક્ટરમાં એફ ડીઆઈની મર્યાદા વધે છે તો એન્ટ્રી લેવલ ઉપર નોકરીઓની તકો સર્જાશે.

નિષ્ણાંતોનું કહેવું છે કે, બજેટમાં કહેવામાં આવ્યું છે કે, આગામી ત્રણ-ચાર વર્ષણાં જીડીપી ૭થી૮ ટકા પર પહોંચી જશે. જો આવું થશે તો એક કરોડ નોકરીની તકો સર્જાશે. બજેટમાં નવા આઈઆઈટી અને આઈઆઈએમ માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવાથી હાઈસ્કીલ્ડ એમ્પલોઈઝની અછત દૂર થશે. સાથે-સાથે સ્કીલ ડેવલપમેન્ટ ઉપર પણ બજેટમાં ભાર મુકવામાં આવ્યો છે જેના કારણે ટ્રેડ લેબરની કમી પણ દૂર થશે.

નવી દિલ્હીથી કટરા માટે ટ્રેન સેવા શરૂ

નવી દિલ્હી,તા. ૧૪

દિલ્હીથી માતા વૈષ્ણોદેવી

મંદિરના બેઈઝ કેમ્પ કટરા માટે દરરોજની ટ્રેન સેવા આજે શરૂ કરી દેવામાં આવી હતી. એસી સુપરફાસ્ટ શક્તિ એક્સપ્રેસ નવી દિલ્હીથી રેલવે સ્ટેશનથી સાંજે ૫:૩૦ વાગ્યે રવાના થઈ હતી. આ ટ્રેન આગલા દિવસે એટલે કે મંગળવારના દિવસે સવારે ૫:૧૦ વાગે માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન પહોંચી જશે. ઉત્તર રેલવે તરફથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ જ રીતે ટ્રેન વાપસીના ભાગરૂપે પ્રતિદિન આ ટ્રેન કટરાથી રાત્રે ૧૦:૫૫ વાગે રવાના થશે અને આગલા દિવસે ૧૦:૪૫ વાગે નવી દિલ્હી પહોંચશે. આ ટ્રેનમાં મોટાભાગે એસીની વ્યવસ્થા છે. થર્ડ ક્લાસમાં નવ કોચ રહેશે. આ ટ્રેન બન્ને તરફથી અંબાલા, કેન્ટ, લુધિયાના, જલંદર, પઠાણકોટ, જમ્મુતવી અને ઉધમપુર સ્ટેશન પર ઉતરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચોથી જુલાઈના દિવસે ઉધમપુર-કટરા રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરીને પહેલી ટ્રેનને લીલીઝંડી આપી હતી. આ રેલવે લાઈનના નિર્માણ ઉપર ૧૧૩૨.૭૫ કરોડનો ખર્ચ થયો છે. મોદીએ કાર્યક્રમ દરમિયાન આ ટ્રેનનું નામ શક્તિ એક્સપ્રેસ રાખ્યું હતં. અન્ય શહેરોથી પણ આવી જ ટ્રેનો ટૂંકમાં શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. કટરા-ઉધમપુર રેલવે લાઇન ૨૫ કિલોમીટર લાંબી છે. આ સેક્સનના નિર્માણ પર આશરે ૧૧૩૨ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. નદી પર બ્રીજ ભારતમાં સૌથી વિશાળ સ્ટીલ ગીરડર બ્રીજ છે. જેની ઉંચાઇ ૮૫ મીટરની આસપાસ છે. ઉધમપુર-કટરા રુટ પર આઠ ટનેલ પણ છે.

સમાચાર ઝલક

- વિઝા ફ્રી અને વિમાની ભાડા ઘટાડવાની કેન્દ્રની હિલચાલ.
- ચીન હવે ભારતીય તબીબી વિદ્યાર્થીઓ માટે ફેવરીટ. ચીનમાં કોર્સનો ખર્ચ ૨૦ લાખ થાય છે જ્યારે ભારતમાં ૭૫ લાખ થાય છે.
- મૃત્યુ દરને ઓછો કરવા માટે પ્રયાસો ઝડપી થાય-પૂર્વ રાષ્ટ્રપિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ.
- વર્ષ દરમિયાન ગમે ત્યારે બાળકોને શાળામાં પ્રવેશ અપાશે.
- ભારતમાં બાળકોના અપહરણ માટે અનેક સંગઠિત ટોળકીઓ સક્રિય.
- મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન શ્રી અશોક ચવાણ સામે ચૂંટણી પંચનો ગાળિયો સપ્ત બન્યો છે.
- ભાજપના ૪૫ દિવસના શાસનમાં વસ્તુઓના ભાવમાં જંગી વધારો. મોંઘવારી રોકવામાં નિષ્ફળતા.
- દિલ્હી નજીક જ ચીન જાસુસી કેન્દ્ર સ્થાપવાની વેતરણમાં.
- ૧૫ કરોડ નવા ખાતાઓ બેંકોમાં ખોલવાથી બેંકો માટે ૭૫૦૦૦ કરોડનું જોખમ ઉભું થશે.
- ડોકટર્સ દવાખાનાને શોપ એકટ લાગુ ન પડી શકે - મુંબઈ હાઈકોર્ટ.
- ચીનમાં ભારે ગરમીથી ત્રાહિમામ.
- સોનાની આયાત પરનાં નિયંત્રણો દૂર થશે.
- પેટલાદ તાલુકાના અગાસ ગામે સાધુ બન્યો શેતાન. દુષ્કર્મ છુપાવવા મહિલાની કરપીણ હત્યા કરી.
- વોશિંગ્ટનમાં ગાંજાના ઉપયોગની છૂટ.
- વેનેઝુએલાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર શ્વાસ લેવા પણ ટેક્ષ આપવો પડે છે.
- રાજયના ધોરણઃ૯ના હિન્દી પાઠય પુસ્તકમાં ૫૦૦ ભૂલ.
- મધ્યમ વર્ગના લોકોને વધુ કર રાહતો આપવાનો અરૂણ જેટલીનો સંકેત.
- સૂરતના હવાલાકાંડના મદનલાલ જૈનના રિમાન્ડ મંજુર કરતી કોર્ટ.
- અમરનાથનું હિમ શિવલીંગ ઓગળવા લાગ્યું. - યાત્રિકો સ્તબ્ધ.
- વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ નેતા ગીરિરાજ કિશોરનું નિધન.
- રાજકોટમાં ધો-૮માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ૪ વાહન ચોરીમાં ઝડપાયો.
- મિસ્ડ કોલનો જવાબ આપતી છોકરીઓ મુસીબત ઉભી કરે છે.
- ભારતીય અમેરિકન મહિલાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં ઉચ્ચ હોદ્દા પર નિમણુંક.

પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલો નિમાયા

પૂર્વે પેટ્રોલિયમ મંત્રી રામ નાઈક સહિત ભાજપાનાં પાંચ નેતાઓનાં નામોને નવા રાજયપાલ તરીકે નિયુકિત માટે અંતિમસ્વરૂપ આપી દેવાયું છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર ઉત્તરપ્રદેશ વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષ કેસરીનાથ ત્રિપાઠી, દિલ્હી ભાજપાનાં વરિષ્ઠ નેતા વી.કે. મલ્હોત્રા, ભોપાલના પૂર્વસાંસદ કૈલાશ જોષી અને પંજાબથી સંબંધ ધરાવતા નેતા બલરામદાસ ટંડનનાં નામો પર મહોર લગાવવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેરલના રાજયપાલ શીલા દિક્ષિત અને મહારાષ્ટ્રનાં રાજયપાલ શંકરનારાયણનને પૂર્વોત્તર મોકલી શકાય તેવી શકયતા છે.

નિર્ભયા કેસ : બે અપરાધીઓના મૃત્યુ દંડ પર સ્ટે

નવી દિલ્હી, તા૧૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૧૨ના દિલ્હી ગેંગરેપ કેસમાં સુપ્રીમ કોર્ટે બે અપરાધી વિનય શર્મા અને અક્ષય ઠાકુરની ફાસીની સજા ઉપર આજે સ્ટે મુકી દીધો હતો. દિલ્હીમાં પેરામેડિકલની વિદ્યાર્થીની ઉપર ડિસેમ્બર ૨૦૧૨માં ચાલતી બસમાં સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ ગેંગરેપ અને હત્યા કેસમાં બે અપરાધીઓને ફાંસીની સજા કરવામાં આવી હતી. આ બે અપરાધીઓ વિનય શર્મા અને અક્ષય ઠાકુરની ફાંસીની સજા ઉપર આજે સ્ટે મુકી દેવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે આ બે અપરાધીઓ દ્વારા અપીલ કરવામાં આવ્યા બાદ આ સ્ટે મુક્યો હતો. ટ્રાયલ કોર્ટે ચુકાદો આપતા તેમને દોષિત ઠેરવીને મૃત્યુદંડની સજા ફટાકારી હતી. મુકેશ પવન, વિનય શર્મા, અક્ષય ઠાકુર, રામસિંહની સાથે એક કિશોરને ગેંગરેપ કેસમાં આરોપી દર્શાવવામાં આવ્યા હતા. આ તમામે ભેગા મળીને ૨૦૧૨માં ખાનગી બસની અંદર ૨૩ વર્ષીય પેરામેડિકલની વિદ્યાર્થીની ઉપર રેંગરેપ કર્યો હતો. ભોગ બનેલી યુવતી અને તેના મિત્રને ગુનો આચર્યા બાદ બસમાંથી ફેંકી દેવામાં આવ્યા હતા. ૧૧મી માર્ચ ૨૦૧૩ના દિવસે પોલીસ કસ્ટડીમાં રામસિંહનું મોત થયું હતું. જુવેનાઈલને પણ બળાત્કાર અને હત્યા મામલામાં અપરાધી ઠેરવવામાં આવ્યો હતો અને તેને પણ જેલમાં ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી છે. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે તમામને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. ત્રણ દિવસ બાદ કોર્ટે તેમને મૃત્યુદંડની સજા ફટકારી હતી. સમગ્ર દેશ નિર્ભયા નામથી જાણિતી થયેલી પેરામેડિકલની વિદ્યાર્થીની ઉપર અમાનવીયરીતે બળાત્કાર ગુજારવામાં આવ્યા બાદ હચમચી ઉઠ્યું હતું. થોડાક દિવસ સુધી સારવાર હેઠળ રહ્યા બાદ ગેંગરેપનો શિકાર થયેલી યુવતીનું મોત થયું હતું. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે આ બનાવ બન્યો હતો. આ બનાવ બાદ દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યું હતું. ટ્રાયલ કોર્ટે ગયા વર્ષે ૧૩મી સપ્ટેમ્બરના દિવસે તમામને સજા ફટકારી હતી. બળાત્કારનો શિકાર થયેલી યુવતીનું ૨૯મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે સિંગાપોરની હોસ્પિટલમાં મોત થયું હતું. ગંભીર હાલતમાં તેને સિંગાપોરની હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. પેરા મેડિકલની વિદ્યાર્થીની પોતાના ૨૮ વર્ષીય પુરુષ મિત્ર સાથે રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અપરાધીઓ તેમને લાલચ આપીને બસમાં બેસાડી દીધા હતા. આ બનાવ બાદ દેશના કાયદાઓમાં પણ સુધારા કરવામાં આવ્યા હતા. આ ચકચારી કેસમાં મુખ્ય અપરાધી રહેલા રામસિંહે ગયા વર્ષે માર્ચ મહિનામાં તિહાર જેલમાં આત્મહત્યા કરી દીધી હતી. જ્યારે છઠ્ઠો આરોપી બાળક રહ્યો છે. ૩૧મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે આ કિશોરને પણ અપરાધી ઠેરવીને ત્રણ વર્ષની મહત્તમ સજા ફટકારવામાં આવી હતી. જુએનાઈલ જસ્ટિસ બોર્ડ દ્વારા તેને સજા કરવામાં આવ્યા બાદ તેને કરવામાં આવેલી સજાને લઈને પણ દેશભરમાં લોકોએ વાંધો ઉઠાવ્યો હતો અને તેને વધુ સજા કરવાની માંગ કરાઈ હતી.

ચાલો, તેજસ્વિતાનું અવતરણ કરીએ!

(પાના નં. ૪ નું ચાલુ)

આમ, ઉત્તમ આત્માને પોતાની પ્રબળ ઈચ્છાશક્તિથી પોતાનો અંશ બનાવવો અને આવા દિવ્ય આત્માની નવ મહિનાની યાત્રા સુખદ અને સંસ્કારયુક્ત બનાવવી એ માતાની અભીપ્સા અને તપશ્ચર્યા છે... જો પ્રત્યેક માતા પોતાના માટે આવું ભાવવિશ્વ સર્જે તો આ વિશ્વ ભાવથી અને સદ્ભાવથી ઓતપ્રોત થઈ જાય.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એ આકાંક્ષા છે કે ગુજરાતની માતાઓ સમાજના પુનરુત્થાન–કાર્યનું નિમિત્ત બને... શ્રેષ્ઠ નર-નારીરત્નોને જન્મ આપે અને તેજોમય ભાવિનું નિર્માણ કરે.

અમે આવા ભવ્ય ભાવિના નિર્માણનો યજ્ઞ આરંભ્યો છે. ગર્ભવિજ્ઞાનના દિવ્ય અને સૂક્ષ્મ જ્ઞાનનું પ્રત્યક્ષીકરણ યુનિવર્સિટી કરી રહી છે. 'તપોવન સંશોધન કેન્દ્ર' નામનો ગર્ભશિક્ષણનો પ્રકલ્પ યુનિવર્સિટી છેલ્લાં ચાર વર્ષોથી અવિરત ચલાવી રહી છે... જેનાં અદ્ભુત, આશ્ચર્ય પમાડે એવાં પરિણામો સાથે હું ફરી આપની સામે ટૂંક સમયમાં પ્રસ્તુત થઈશ. એ વાંચવાનું ચૂકશો નહીં.

'તેજસ્વી બાળક :

તેજસ્વી ભારત' આ મહાન સૂત્રનો નાદ ઘર-ઘરમાં ગૂંજે અને ગુજરાત સમગ્ર વિશ્વનું પથદર્શન કરવાની ઊર્જા મેળવે એવી ભાવના સાથે વિરમું છું.

ચેતનાનો સમય

(પાના નં. ૪ નું ચાલુ)

છેલ્લી એક ગઝલમાં ડોકીયું કરી લઇએ.

'તું મળે હળવાશ જેવું લાગતું
ના મળે કડવાશ જેવું લાગતું!'

બે સ્નેહીજનો, બે પ્રેમીપાત્રો, મન હળવું થાય છે. એકબીજાના મનનો બોજો હળવો થાય છે. મિલનનો આનંદ અનેરો હોય છે. એકબીજાને મળીને એકબીજાના દુઃખદર્દ પૂછવાથી, આંસુ લુછવાથી ભાર હળવો થાય છે. પણ માણસ એકબીજાને મળે નહિ. અવગણના કરે સગાસંબંધીઓ એકબીજાથી અળગા થઇ જાય ત્યારે નહિ મળ્યાનો વસવસો બધાને રહે છે. જ્યારે એકબીજાનું મળવાનું બંધ થઇ જાય થ્યારે એકબીજા અવનવી કલ્પનાઓ કરવા લાગે છે.

મનમાં શંકા પેદા થવા લાગે છે, શું મને ભૂલી ગયા હશે? શું મારી અવગણના કરવા લાગ્યો હશે શું હું ગમતો નહિં હોઉં? આવી કાંઇક કડવી કલ્પનાઓ માનવી કરવા લાગે છે. મળવાથી હળવાશ થાય છે. નહિ મળવાથી કડવાશ પેદા થાય છે. મિલનનો આનંદ અનેરો છે. જુદાઇનું દુઃખ અસહ્ય બને છે. આજના યુગમાં દરેક માનવી પોતપોતાના અસ્તિત્વની ચિંતામાં પડ્યો છે. સંપર્કો ઘરવા લાગ્યા છે. સંપર્કો માર્ગ સ્વાર્થના રહ્યા છે. સંપર્કોને ટકાવી રાખો. અને જીવનને જીવંત રાખો. ક્યારેક પણ ફોનથી કોઇને કહેશો કેમ છો? મજામાં? આટલી વાતથી સામો માણસ પાણી પાણી થઇ જશે.

વિચાર યાત્રા

(પાના નં. ૪ નું ચાલુ)

આ કવિતા ૧૯૬૦માં ખૂબ પોપ્યુલર થઇ. મેક્સ એહરમેનના એક મિત્ર સંયુક્ત રાષ્ટ્રખાતાનાં વડા હતા. વે વખત ડેમોક્રેટીક પક્ષનાં અમેરિકન પ્રમુખપદના ફેઇલ્ડ ઉમેદવાર રહ્યા. પણ તે જયારે મર્યા ત્યારે તેનાં બેડરૂમમાં માત્ર એક ગ્રંથ પડેલો. તેનું નામ હતું. ડેસીડરાટા આના જેવો ગ્રંથ કોઇ લખી શક્યું નથી. તેને માત્ર ભગવદ્ગીતા જ આંટ છે. પણ બીજા ઘણાએ પ્રયાસ કર્યો છે. મને વાલીડીવાર નામના વિદ્વાને લખેલું આ વાક્ય કોમનમેનને માટે રત્ન જેવું લાગે છે. 'ટુ મીન સમથિંગ ટુ સમબડી ઇઝ વન ઓફ ધ ગ્રેટેસ્ટ સેટિસફેક્શન ઇન લાઇફ.' કંઇ નહીં તો આપણા જીવનમાં સૌથી સંતોષની વાત કંઇ હોઇ શકે?

આપણે આ દુનિયામાં અબજોમાંથી માત્ર એક જણ માટે મહત્ત્વના હોઇએ તે ઘણું છે. કવિ ડબલ્યુ બી. યિટ્સની આ વાત પણ નોંધી રાખજો. માણસ જન્મે, પરવરીશ કે પોતાની મેળે શીખીને જ્ઞાની થાય પછી જન્મજાત સંસ્કાર પ્રમાણે તેને વડીલો તરફથી તેને સુખનો જ ગ્રાહક બનવાનું કહેવાય છે. પૂર્ણજીવન, સુખી જીવન કે તડકા છાંયજી વગરનું પૂર્ણ જીવન જીવવાનું કહેવાય છે. પરંતુ માણસે જો પસંદગી કરવી હોય તો તો જીવનને પૂર્ણ કરવા કે માત્ર પોતે જ સુખી બની રહેવાની પસંદગી ન કરવી જોઇએ... તેણે તો તેના ઉપર જીવનની જે જે ફરજો આવી હોય કે તેની સાથે જ ઉમદા કાર્ય કરવાનું આવ્યું હોય તે કામમાં જ પૂર્ણતા મેળવવી જોઇએ. હેવનલી મહેલને બદલે સખત પુરૂષાર્થના જગતને પસંદ કરવું જોઇએ.